# બાવીસ ગામ પાટીદાર સમાજ
# કેળવણી ઉત્તેજક મંડળ.

# બંધારણ

# બાવીસ ગામ પાટીદાર સમાજ કેળવણી ઉત્તેજક મંડળ.

# પેટા નિયમો

૧ **નામ:-** આ મંડળનું નામ 'બાવીસ ગામ પાટીદાર સમાજ કેળવણી ઉત્તેજક મંડળ' રહેશે.

૨ **કાર્યક્ષેત્ર:-** નીચેના ગામો પુરતું આ મંડળનું કાર્યક્ષેત્ર રહેશે.
આખડોલ, ગુતાલ, દાવડા, પીપળાતા, વડતાલ, થલેડી, કંજોડા, કેરીઆવી, વલાસણ, વલેટવા, કરોલી, મિત્રાલ, પોરડા, પાડગોલ, ઉંઢેળા, સોખડા, મંજીપુરા, બિલોદરા, પેટલી, ભૂમેલ, કાસોર. નવાગામ, ડુમરાલ, સંધાણા, રઘવાણજ, લવાલ, ગંગાપુર, વાલ્લા, હાથનોલી, રૂણ, ડુંડેલ, વિશ્નોલી, જોળ, મોરડ, વાંસખીલીયા, વટાવ, અરડી, ભાળેલ, સુંદરણા અને ભવિષ્યમાં આ ગોળમાં નવાં જે ગામો લેવાય તે વિસ્તાર પુરતું કાર્યક્ષેત્ર રહેશે.

૩ **ઉદ્દેશ:-**

(૧) મંડળના કાર્યક્ષેત્રમાં આવેલાં ગામોમાં કેળવણીને ઉત્તેજન મળે તે અર્થે સર્વ પ્રકારે કાર્ય કરવું. મંડળના દરેક ગામોમાં કેળવણીનો વિકાસ થાય તે માટે દરેક ગામનો સહકાર કેળવવો.

(૨) કેળવણીનો ફેલાવો થાય, તે માટેનાં સાધનો ઉભા કરવાં, સાધનો તેમ નાણાંકીય મદદ કરવી.

(૩) કેળવણી અને કેળવણી માટેના સાધનો અંગે અભ્યાસ કરવો, જરૂરી માહિતી એકત્ર કરવી, પુરી પાડવી. જરૂર જણાય તો ટ્રેડ ટ્રેઈનીંગ જેવી સંસ્થા ઉભી કરવી, જરૂર પડે જમીન ખરીદવી. બાંધકામ કરવું તથા જે તે મિલ્કત વેચવી.

(૪) મંડળના કાર્યોને વેગ આપવા જરૂરી પ્રકાશનો હાથ ધરવાં.

(૫) કેળવણીને ઉત્તેજન મળે તે માટે કેળવણી વિષયક સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ હાથ ધરવી.

(૬) હોશીયાર વિદ્યાર્થી કે વિદ્યાર્થીની વધુ અભ્યાસ કરી શકે તે માટેના પ્રયત્નો કરવા.

(૭) મંડળ માટે જરૂરી ભંડોળ એકત્ર કરવું.

**૪ ભંડોળ:-**

આ મંડળ નીચે જણાવેલ રીતે નાણાં ઉભાં કરી શકશે.

(૧) સભાસદોના લવાજમથી.

(૨) દાન તથા બક્ષીસથી.

**૫ સભાસદપણું:-**

આ મંડળના ઉદ્દેશો અને નિયમો સ્વીકારનાર પચીસ વર્ષ ઉપરના કોઈ-પણ પુરૂષ અથવા સ્ત્રી નીચે જણાવેલા કોઈપણ વર્ગમાં સભાસદ થઈ શકશે.

| વર્ગ | રકમ |
|---|---|
| (૧) મુરબ્બી | રૂ. ૨૫૦૧ કે વધુ આપનાર |
| (૨) દાતા | રૂ. ૧૦૦૧ થી ૨૫૦૦ આપનાર |
| (૩) સહાયક | રૂ. ૫૦૧ થી ૧૦૦૦ આપનાર |
| (૪) માનદ | રૂ. ૨૫૧ થી ૫૦૦ આપનાર |
| (૫) આજીવન | રૂ. ૧૦૧ થી ૨૫૦ આપનાર |
| (૬) ત્રિવાર્ષિક | રૂ. ૨૫ થી ૧૦૦ આપનાર |

**૬ સાધારણ સભા**

(૧) મંડળનું હિસાબી વર્ષ જાન્યુઆરીથી ડીસેમ્બર માસ સુધીનું રહેશે.

(૨) વાર્ષિક સાધારણ સભાને જે સત્તા આપવામાં આવી છે તે જ સત્તા સભાસદોની બનેલી સાધારણ સભાને પણ છે.

આ સિવાય પ્રમુખને જરૂરીયાત લાગે તો અથવા મત આપવા લાયક સભાસદોના કોઈ પણ ૨૫% સભ્યો ની લેખીત વિનંતીથી પ્રમુખ ખાસ સાધારણ સભા બોલા[illegible]

સામાન્ય

(૩) મંડળની વાર્ષિક સાધારણ સભા ~~અને ખાસ સાધારણ સભા એવા બે પ્રકારની થશે. વાર્ષિક સાધારણ સભા~~ સામાન્ય સભા પુરા થતા વર્ષની તારીખથી ~~૪~~ ૪ માસની અંદર બોલાવવામાં આવશે. અને ખાસ સાધારણ સભા કાર્યવાહક સમિતીના ૫૦% સભ્યોની સહમતિ ઠરાવથી અથવા મંડળના સભાસદો પૈકી ⅓ સભાસદોની લેખીત માંગણી આવ્યેથી બોલાવવામાં આવશે. અને તેમા એજન્ડા કે માંગણીમાં જણાવેલાં કામો કરશે. અ[illegible] કામો કરશે નહી. વાર્ષિક સાધારણ સભા બોલાવવા ૧૫ દિવસ અને ખાસ સાધારણ સભા બોલાવવા ૭ દિવસની પહેલાં ખબર આપવાની રહેશે.

## ૭ વાર્ષિક સાધારણ સભાનું કાર્યઃ-

કોરમ મંડળના કુલ સભાસદો પૈકીના ૨૦% સભ્યોની હાજરીથી થયેલું ગણાશે. કોરમના અભાવે ½ કલાક બાદ હાજર સભ્યોથી એજન્ડા ઉપરનું કામ થઇ શકશે.

(૧) કારોબારી, પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રી, સહમંત્રીઓ ~~તથા અન્વેશક~~ની નિમણુંક કરશે.

(૨) આગળના વર્ષના હિસાબો પ્રમુખ પાસેથી મેળવવા તેમજ અન્વેશક પાસેથી તપાસણી નોંધ મેળવવી અને હિસાબ સરવૈયું મંજુર કરવું.

(૩) નવા વર્ષ માટે પ્રમુખ તરફથી અંદાજપત્ર રજુ કરવામાં આવે તે ઉપર ચર્ચા વિચારણા કરી મંજુર કરવું.

(૪) કાર્યવાહક સમિતીના સભ્યો નીચે જણાવેલ વર્ગમાંથી બહુમતીથી ચુંટવા.

| | | |
|---|---|---|
| મુરબ્બીમાંથી | ૨ | સભ્યો. |
| દાતામાંથી | ૩ | ,, |
| સહાયકમાંથી | ૪ | ,, |
| માનદમાંથી | ૪ | ,, |
| આજીવનમાંથી | ૬ | ,, |
| ~~ત્રિવાર્ષિકમાંથી~~ | ~~૬~~ | ~~,,~~ |

ગણાય - ૨

કાર્યવાહક સમિતી ~~૨૫~~ સભ્યોની રહેશે. કોઇ વર્ગમાં જગ્યા ખાલી રહે તો નીચેના ક્રમમાંથી અનુક્રમે પુરવાની રહેશે. ~~અને તેમાંથી પ્રમુખ, ઉપપ્રમુખ, ચુંટાશે. મંત્રી, સહમંત્રીઓ તથા અન્વેશક કાર્યવાહક સમિતીના ચુંટાયેલા સભ્યો સિવાયના સભ્યોમાંથી ચુંટાશે.~~

(૫) કાર્યવાહક સમિતીની મુદત ત્રણ વર્ષની રહેશે. મંડળના ~~જે~~ સભ્યો ~~ચુંટાવાના તેમાં ત્રિવાર્ષિક સભ્ય વર્ગમાં જેમણે વર્ષ શરૂ થયા પછીના બે માસની અંદર રૂા. ૨૫~~ લવાજમ ભર્યું હશે તેવા પૈકી ચુંટાશે. અને તેમને મત આપવાનો અધિકાર રહેશે.

## ૮ કાર્યવાહક સમિતીની ફરજો:-

(૧) સાધારણ સભાએ મંજુર કરેલા કાર્યક્રમને અમલી બનાવશે, ઉપરાંત મંડળના ઉદ્દેશોને પાર પાડવા માટે તમામ કાર્યો કરવાનાં રહેશે. સાધારણ સભાએ મંજુર કરેલ અંદાજપત્ર મુજબ નાણાંનો ઉપયોગ કરશે.

(૨) મંડળની મિલ્કત અને નાણાંનો વહીવટ કરી હિસાબ રાખશે. આવા હિસાબો દર ત્રણ મહિને અન્વેશકની તપાસ કરાવી તપાસ નોંધ મુજબ દુરસ્તી કરશે.

(૩) વર્ષ દરમિયાનના હિસાબો, સરવૈયુ તથા અન્વેશકની વાર્ષિક નોંધ સાધારણ સભામાં રજુ કરશે.

મંડળની કાર્યવાહક સમિતી દર ત્રણ મહિને એક એમ વર્ષમાં કુલ ચાર ઓછામાં ઓછી સભા બોલાવશે. આવી સભા સાત દિવસની નોટીસથી ખબર આપી બોલાવશે. આવી સભાનું કામકાજ ચલાવવા મંડળની કાર્યવાહક સભ્યો પૈકી અર્ધા સભ્યોની હાજરીથી કામકાજ ચલાવી શકાશે. સંજોગોવશાત કોરમ ન થાય તો અરધા કલાક બાદ હાજર સભ્યોથી કામ ચલાવી શકશે.

(૫) કાર્યવાહક સમિતિ વર્ષ પુરૂ થયેથી ~~બે~~ માસની અંદર પંદર દિવસની નોટીસ આપી સાધારણ સભા બોલાવશે અને તેમાં વર્ષ દરમિયાનના હિસાબો તેમજ અન્ય માહિતી રજુ કરશે.

(૬) મંડળની ખાસ સાધારણ સભા કાર્યવાહક સમિતીને બોલાવવાની જરૂર જણાય તો કા. સ. ની ૫૦% સભ્યોની સંમતિથી સાત દિવસની નોટીસ આપી બોલાવી શકાશે.

(૭) મંડળના સભાસદો તરફથી ૧/૩ સહી સાથે લેખીત માગણી આવેથી કા. સ. ખાસ સાધારણ સભા સાત દિવસની નોટીસ આપી બોલાવશે. આવી સભામાં લેખીત માગણીમાં જણાવેલ કામ જ થઈ શકશે. અન્ય કામકાજ થશે નહી.

૯ **પ્રમુખનું કાર્યઃ-**

(૧) કાર્યવાહક સમિતીના પ્રમુખસ્થાને બેસવું, તેનું નિયમન કરવું અને બહુમતી પ્રમાણે દરેક પ્રશ્નોનો નિર્ણય કરવો. અને સરખા મત થાય ત્યારે નિર્ણયાત્મક મત આપવો.

(૨) મંડળના કામોનું સંચાલન કરવું.

(૩) મંત્રીઓને કામની દોરવણી આપવી અને હિસાબો તપાસવા.

**ઉપપ્રમુખનું કાર્ય-**

પ્રમુખની ગેરહાજરીમાં ઉપપ્રમુખના અધિકાર ભોગવશે અને ફરજો બજાવશે. બન્નેની ગેરહાજરીમાં કોઈપણ સભાસદ કે સભાપતિ સ્થાપી તેમાંથી ચુંટી કાઢશે.

૧૦ **મંત્રીઓનાં કાર્યઃ-**

(૧) પ્રમુખની સુચના અગર સંમતિથી સભાઓ અગર સમિતીની મિટીંગ બોલાવવી.

(૨) સભાઓ તથા સમિતીની કાર્યવાહીની નોંધ રાખવી.

(૩) મંડળ વતી પત્ર વ્યવહાર કરવો.

(૪) થયેલા ઠરાવનો અમલ કરવો.

(૫) અંદાજપત્ર મુજબ ખર્ચ કરી તેનો હિસાબ રાખવો. તથા અન્વેષક પાસે તપાસાવવો.

(૬) વાર્ષિક અહેવાલ તૈયાર કરવો.

(૭) મંડળના ઉદ્દેશો પાર પાડવાના કામો નક્કી કરી તે સભા સમક્ષ રજુ કરવા.

(૮) ~~કાર્યવાહક સમિતી નક્કી કરે તે~~ રાષ્ટ્રીયકૃત બેન્કમાં નાણાં મુકવાં અને તેનો હિસાબ રાખવો.

## ૧૧ અન્વેષકનું કાર્ય:-

મંડળના હિસાબો દર ત્રણ મહિને તપાસવા અને સામાન્ય સભામાં વાર્ષિક હિસાબ તપાસણીની નોંધ રજુ કરવાની રહેશે.

## ૧૨ નાણાં અને મિલકત:-

મંડળનાં નાણાંની લેવડ દેવડ પ્રમુખ અને મંત્રીની સંયુક્ત સહીથી કરવામાં આવશે. પ્રમુખની ગેરહાજરીમાં ઉપપ્રમુખ તથા મંત્રીની સહીથી લેવડ-દેવડ કરવામાં આવશે.

## ૧૩ સામાન્ય નોંધ:-

સમાજના કાર્યક્ષેત્ર બહારના કોઈપણ સદ્‌ગૃસ્થ તરફથી દાન સ્વીકારવામાં આવશે. પરંતુ તેમને મળતો અધિકાર રહેશે નહિ.

## ૧૪ બંધારણમાં ફેરફારની સત્તા:-

બંધારણમાંના ઉદ્દેશોમાં ફેરફાર અગર સુધારા વધારા કરવાનું કામ મંડળની સાધારણ કે ખાસ સભામાં હાજર રહેલા સભ્યોની ૨/૩ બહુમતિથી મંજુર કરેલા ઠરાવથી કરવામાં આવશે.